HGH INDIA® 2022
HOME DECOR ▪▪▪ GIFTS ▪▪▪ HOUSEWARE
**December 13-16, 2022**
Bombay Exhibition Center, Mumbai

NEWS 3

A TEXZONE Event
www.hghindia.com

Where business feels at home!

# એચજીએચ ઇન્ડિયા
# સ્પ્રિંગ/સમર 2023ની પાવરફૂલ શરૂઆત

એચજીએચ ઇન્ડિયાની 12મી એડિશનનું 13 ડિસેમ્બરના રોજ મુંબઈમાં પુનરાગમન થયું હતું અને હોમ પ્રોડક્ટ ઉદ્યોગ માટે નવા વ્યવસાયની કેટલીક તકો ઊભી થઈ હતી.

વળી આ એચજીએચ ઇન્ડિયા માટે પ્રથમ સ્પ્રિંગ/સમર એડિશન છે, જે ભારતમાં હોમ ટેક્સટાઇલ્સ, હોમ ડેકોર, હોમ ફર્નિચર, હાઉસવેર અને ગિફ્ટ્સ માટે ભારતમાં અગ્રણી બી2બી ટ્રેડશો છે, જેને હોમ પ્રોડક્ટ ઉદ્યોગનું મોટા પાયે પીઠબળ હાંસલ છે. બે વર્ષથી વધારે સમય માટે કોવિડ હોસ્પિટલ તરીકે સેવા આપનાર બોમ્બે ઇન્ટરનેશનલ એક્ઝિબિશન સેન્ટર, ગોરેગાંવમાં પોતાના પુનરાગમન સાથે એચજીએચ ઇન્ડિયા સ્પ્રિંગ/સમર એડિશન અતિ સફળ દિવાળી રિટેલ સિઝન માટેની તક પ્રદાન કરે છે. રિટેલર્સ અને વિતરકોએ સ્પ્રિંગ/સમર 2023 ઉપભોક્તા માગ માટે તેમના સ્ટોક્સને ફરી ઊભો કરવાની જરૂરિયાત વ્યક્ત કરી હતી. ઉપરાંત તેમને તેમની વિવિધતા વિકસાવવા અને આધુનિ ઉપભોક્તાઓની આકાંક્ષાઓ પૂરી કરવા નવા વિચારો, ઉત્પાદનો અને સેવાઓની જરૂર છે. એચજીએચ ઇન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અરુણ રુંગટાએ કહ્યું હતું કે: “અમે દિવાળી સિઝન ઉપરાંત આપણા હોમ પ્રોડક્ટ ઉદ્યોગોમાં વ્યવસાયની તકો વધારવા એચજીએચ ઇન્ડિયા સ્પ્રિંગ/સમર એડિશન શરૂ કરી છે. ઉત્પાદન અને ડિઝાઇનમાં નવીનતા વધારે પુનરાવર્તિત રીતે જોવા મળવાની સાથે તથા સ્પર્ધા ગળાકાપ થવાથી વધુને વધુ રિટેલર્સ અને વિતરકો તેમની ખરીદીના અગાઉના વાર્ષિક ચક્રને બદલે અર્ધવાર્ષિક ચક્ર તરફ વળ્યાં છે. હોમ ટેક્સટાઇલ્સ, હોમ ડેકોર, હાઉસવેર અને ભેટસોગાદો, વિતરકો અને રિટેલર્સમાં ઊંચી માગને પૂરી કરવા તેમની મૂલ્ય સાંકળને વેગ આપવાની વધારાની તકની જરૂર છે તથા ઉપભોક્તા પર ગતિશીલતામાંથી લાભ મેળવવાની જરૂર છે.”



આ વૃદ્ધિ કરતાં ટ્રેડશોનું ઉદ્ઘાટન પરંપરાગત દીપ પ્રાકટ્ય સાથે થયું હતું, જેમાં મુખ્ય અતિથિ ડો. એલેસ્સાન્ડ્રો લેબોરેટરી, ટ્રેડ કમિશનર અને ડિરેક્ટર, ઇટાલિયન ટ્રેડ એજન્સી, ગેસ્ટ ઓફ ઓનર શ્રી અતુલ શાહ, પ્રવક્ત ભાજપ, મહારાષ્ટ્ર, શ્રી અરુણ રુંગટા અને ડો. ગીર્ટ બોટ્ટગર, ડિરેક્ટર્સ, એચજીએચ ઇન્ડિયા ઉદ્યોગના અનેક આગેવાનો, સરકારી અધિકારીઓ અને મહાનુભાવો સાથે ઉપસ્થિત હતાં. સંયુક્તપણે દીપ પ્રાકટ્ય કર્યા પછી ડો. બોટ્ટગરે પ્રદર્શકોનો આભાર માન્યો હતો, જેમણે એક વાર ફરી ગ્રાહકો અને મુલાકાતીઓને આકર્ષિત કરવા અને સુવિધા આપવા ફર્સ્ટ ક્લાસ ડિઝાઇન ધરાવતા સ્ટેન્ડ ડિઝાઇન કર્યા હતા. અમારા પ્રદર્શકોએ અદભૂત શૉ કર્યો હતો અને આપણા હોમ પ્રોડક્ટ ઉદ્યોગોની ડિઝાઇન ક્ષમતાઓ પર ભાર મૂક્યો હતો. ગેસ્ટ ઓફ ઓનર શ્રી અતુલ શાહે કહ્યું હતું : “એચજીએચ ઇન્ડિયાનો લૂક અને કલ્ચર ડિઝાઇન, ગુણવત્તા અને સંસ્થાની દ્રષ્ટિએ આંતરરાષ્ટ્રીય ધારાધોરણોને અનુરૂપ છે.” મુખ્ય અતિથિ ડો. એલેસ્સાન્ડ્રો લિબેરેટરીએ ધ્યાન દોર્યુ હતું કે, ઇટાલીના અદ્યતન હોમ પ્રોડક્ટ ઉદ્યોગ એચજીએચ ઇન્ડિયા સાથે લાંબા ગાળાના જોડાણ માટે આતુર છે, કારણ કે એચજીએચ ઇટાલિયન કંપનીઓ માટે પર્યાપ્ત વાતાવરણ પ્રદાન કરે છે, જે ભારતના જટિલ અને વિશાળ બજારમાં પ્રવેશ કરવા માટે પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડે છે. તેમણે એવું પણ કહ્યું હતું : “આ ઇટાલિયન અને ભારતીય હોમ પ્રોડક્ટ ઉદ્યોગો વચ્ચે જોડાણ વધારવા ઇટાલિયન ટ્રેડ એજન્સીનો એક લક્ષ્યાંક છે.”

એચજીએચ ઇન્ડિયાની આ ડિસેમ્બર, 2022ની એડિશન એક તરફ 400 પ્રદર્શકો અને બ્રાન્ડ વચ્ચે બેઠકોને સક્ષમ બનાવશે અને બીજી તરફ 550થી વધારે શહેરોમાંથી ગ્રાહકો અને સ્પેસિફાયર્સને એકમંચ પર લાવશે.



*મુખ્ય અતિથિ ડો. એલેસ્સાન્ડ્રો લેબરેટરી અને ગેસ્ટ ઓફ ઓનર શ્રી અતુલ શાહ તથા અન્ય મહાનુભાવો દ્વારા દીપ પ્રાકટ્ય અને એચજીએચ ઇન્ડિયા શોના કેટલોગનું લોકાર્પણ*

**ઇનોવેશન ▪ ટ્રેન્ડ્સ ▪ ઉત્પાદનો ▪ સોર્સીસ ▪ તકો**

# ભારતમાં ઇટાલિયન હોમ પ્રોડક્ટ્સ

ઇટાલિયન ટ્રેડ એજન્સી (આઈટીએ) એ એચજીએચ ઇન્ડિયા સ્પ્રિંગ/ સમર 2022 ખાતે સંયુક્ત બૂથનું આયોજન કર્યું છે, જ્યાં 9 ઇટાલિયન કંપનીઓ તેમના ઉત્પાદનો અને સેવા પ્રસ્તુત કરશેઃ ઝેનેટ્ટી મુરાનો એસઆરએલ હાથથી બનેલા સોલિડ ગ્લાસ કૃત્રિમ મૂર્તિઓ બનાવવામાં વિશેષતા ધરાવે છે. આ મૂર્તિઓમાં સામેલ છેઃ પક્ષીઓ, માછલી, ઘોડા અને અન્ય પશુઓ, ગૂઢ અને ભગવાન ગણેશની મૂર્તિ પણ રેન્જનો ભાગ છે. કળાના દરેક પીસ કલાકારની સહી અને પ્રાદેશિક ટ્રેડમાર્ક ધરાવે છે. વેટ્રો આર્ટિસ્ટિકો ડી મુરાનો ઇટાલિયન સરકારનું પીઠબળ ધરાવે છે, જે ખાતરી આપે છે કે ઉત્પાદન ઓરિજિનલ મુરાનો ગ્લાસનું છે.

લિ એન્ડ પ્રા ઇનોવેશન એન્ડ ડિઝાઇન નવીન વિનાઇલ ફ્લોરિંગ અને ડિજિટલ પ્રિન્ટેડ વોલકવરિંગ્સ પૂરાં પાડશે, જે બાથ, શાવર અને રસોડા જેવા ભીના વિસ્તારોમાં પણ લાગુ છે. લિ એન્ડ પ્રા હોસ્પિટાલિટી અને સંસ્થાઓમાં પ્રોજેક્ટ્સ કોન્ટ્રાક્ટ પ્રોજેક્ટ્સ માટે કસ્ટમાઇઝ સોલ્યુશન્સ પણ બનાવે છે. આ આંતરરાષ્ટ્રીય પ્રસિદ્ધ આર્કિટેક્ટ્સ સાથે જોડાણ ટેકનિકલ અને સ્ટાઇલિસ્ટિક દ્રષ્ટિકોણથી ઘણા નવા સોલ્યુશન તરફ દોરી ગઈ છે. ઉત્પાદન ઇટાલી અને સ્વિટ્ઝર્લેન્ડમાં થાય છે.

બ્રૂનેલ પ્રેઝિઓસી ડી` ઓટોરે કળાત્મક સિલ્વર અને ગોલ્ડ કળાત્મક કાર્યો બનાવે છે, જે ભેટસોગાદો અને લક્ઝરી ફર્નિશિંગ્સ માટે ડિઝાઇન કરેલા છે. તેમનું કલેક્શન તેમના વર્કશોપમાં સંપૂર્ણપણે હાથથી બનેલું છે અને તેમાં ટ્રે, વાઝ, કેન્ડલસ્ટિક, ચા/કોફીના સેટથી ફર્નિશિંગ એક્સેસરીઝ સુધી વિવિધ ચીજવસ્તુઓ સામેલ છે. સામગ્રી, પ્રાચીન સોનીની કળા જેવી ડિઝાઇન અને મોડેલિંગ બ્રૂનેલના દરેક આર્ટવર્કને વિશિષ્ટ માસ્ટરપીસ બનાવે છે.

સેવન સેડી રિપ્રોડક્શન્સ નવી ટેકનોલોજીઓ સાથે પરંપરામાં કળાનો સમન્વય કરે છે, જે ભારતમાં વિવિધ સ્ટાઇલ સાથે ચેરનું સિલેક્શન પ્રસ્તુત કરે છે. ફિનિશિંગ અને ફેબ્રિક્સમાં વિવિધ સમન્વય સાથે પ્યોર રો ફ્રેમથી લઇને ફિનિશ ચેર સુધી. કટિંગથી સિઝનિંગ અને લમ્પરના ડ્રાઇંગથી ફિનિશ્ડ ચેરના પેકેજિંગના અપહોસ્ટેરિંગ સુધી મૂલ્ય સાંકળના તમામ સ્ટેપ તેમની પોતાની ફેક્ટરીમાં ભરવામાં આવે છે, જે શ્રેષ્ઠ ગુણવત્તાયુક્ત ઉત્પાદનની સુવિધા આપે છે.

કાસા કે. મિશ્ર ગાળો અને સ્ટાઇલ, ફાઇન મટિરિયલથી લાઇફસ્ટાઇલના સર્જન સુધી. પરંપરાગત ફ્લોરેન્ટાઇન ટેકનિકલ્સ, વિગત માટે પ્રેમ અને અપડેટેડ ફિનિશ દરેક સર્જનને વિશિષ્ટ બનાવે છે.

સીઝર ફેરારી ગ્રૂપ બીસ્પોક ફર્નિચર, દરવાજા તથા રહેણાક અને વાણિજ્યિક ઇન્ટેરિઅર પ્રોજેક્ટસ માટે ડેકોરેટિવ પાસાં પ્રદાન કરે છે. સીએફજી આર્કિટેક્ટ્સ અને ડિઝાઇનરોને વ્યવસાયિક સેવાઓ પ્રદાન કરે છે, જે અધિકૃત ઇટાલિયન ફર્નિચર નિર્માતાની પરંપરા સાથે આધુનિક ટેકનોલોજીનો સમન્વય કરે છે. સીએફજી સામગ્રીઓની બહોળી વિવિધતા સાથે કામ કરે છે, જેમાં અન્ય 3ડી અને સંયુક્ત વીનીર્સ, ગ્લાસ, ધાતુઓ, એમ્બોસ લેધર, ગ્રેડિયન્ટ લેક્વેરિંગ, મેટલ મેશ અને સ્વાભાવિક રત્નો સામેલ છે.

ગ્રાસ્સી પીએટ્રે કોઈ પણ પ્રકારના માર્બલ અને પત્થર સાથે કામ કરે છે, જેમાં વિવિધ સામગ્રીઓનો ઉપયોગ સંકળાયેલો છે.

એલવાયએમ સંપૂર્ણ ઇટાલિયન ઉત્પાદન સાથે ટેકનોલોજીકલ અને ડિઝાઇન લાઇટિંગમાં ઉત્કૃષ્ટતા ધરાવતી નવી કંપની છે.

સ્ટેટ્સ વિશિષ્ટ ફર્નિચર સ્ટાઇલ ઓફર કરે છે, જે આંતરરાષ્ટ્રીય સ્તરે સફળ છે.









*મુખ્ય અતિથિ ડૉ. એલેસ્સાન્ડ્રો લિબરેટરી અને ગેસ્ટ ઓફ ઓનર શ્રી અતુલ શાહે એચજીએચ ઇન્ડિયાના ઘણા બૂથોની મુલાકાત લીધી અને ઘણા બૂથોમાંથી વિસ્તૃત જાણકારી મેળવી*

# એચજીએચ ઇન્ડિયા ખાતે વર્લ્ડ ઓફ સ્લીપ

રાત્રે હળવા થવા અને થાક ઉતારવા સારી ઊંઘ પાયારૂપ છે. આ ઉપયોગી જાણકારીમાં લાઇફસ્ટાઇલ ટ્રેન્ડ તરીકે સ્વસ્થ ઊંઘ સંકળાયેલી છે. જોકે આ પ્રવાહને બેડ, મેટ્રેસ્સીસ અને હોમ ટેક્સટાઇલ્સના રિટેલ, વિતરણ અને નિર્માતાઓના સાથસહકારની જરૂર છે, કારણ કે સ્વસ્થ ઊંઘમાં ઊંઘના ઉત્પાદનોને સંપૂર્ણ બનાવતી ઘણી કાર્યકારી જરૂરિયાતો સામેલ છે. આ ઉત્પાદનો ફેશનબેલ હોવાની સાથે ઉપભોક્તાઓને તેની માહિતી અને જાણકારી આપવાની જરૂર છે.

તમને ખબર છે કે, જ્યારે સ્વાસ્થ્યની વાત આવે છે, ત્યારે આહાર અને કસરત કરતાં ઊંઘ વધારે મહત્વપૂર્ણ છે ? એ ફિલિપ્સ-કેજેટી ગ્રૂપ દ્વારા હાથ ધરવામાં આવેલા વાર્ષિક સર્વેનું પરિણામ છે. તેમ છતાં ઘણા લોકોને ક્યાં અને કેટલી ઊંઘ લેવી એની દરકાર નથી. શારીરિક જરૂરિયાતો અને વ્યક્તિગત પસંદગીઓની અંગત સ્વીકાર્યતા અને ગુણવત્તાની દ્રષ્ટિએ મેટ્રેસ્સીસની ટેકનોલોજી અને અન્ય સ્લીપ ઉત્પાદનો ગુણવત્તા ઝડપથી આધુનિક થઈ છે.

એચજીએચ ઇન્ડિયા સાથે સંયુક્તપણે ઇન્ડિયન સ્લીપ પ્રોડક્ટ્સ ફેડરેશન (આઇએસપીએફ)એ સંયુક્તપણે વર્લ્ડ ઓફ સ્લીપ પેવેલિયન ઊભું કર્યું છે, જ્યાં નવી ટેકનોલોજીઓ પ્રસ્તુત થઈ છે અને પાયાની વ્યક્તિગત માગ સમજવા રિટેલર્સને માહિતી આપવામાં આવે છે. પ્રેઝન્ટેશનનો સિદ્ધાંત છે – ઉત્પાદનનું વેચાણ કરતાં અગાઉ ઊંઘ વિશે જાણકારી આપો. સૌપ્રથમ એ સમજવું જરૂરી છે, તમારે ઉત્પાદનોના ફાયદા સમજાવતા અગાઉ ગ્રાહકોની ઊંઘની સમસ્યાઓ સમજવી આવશ્યક છે. શો દરમિયાન વર્લ્ડ ઓફ સ્લીપ પેવેલિયનમાં લેક્ચર્સ એ વિચાર રજૂ કરે છે અને રિટેલર્સને તેમના ગ્રાહકોને સામાન્ય સમસ્યાઓ અને પર્યાપ્ત સમાધાનો વિશે માહિતી આપીને સ્વસ્થ ઊંઘ વિશે જાણકારી આપવામાં મદદ કરે છે.




વર્લ્ડ ઓફ સ્લીપ પેવેલિયન એક એરિયાનું કેન્દ્ર છે, જ્યાં મેટ્રેસ્સીસ કંપનીઓ તેમના ઉત્પાદનો ઓફર કરે છે, જેમાં સ્લીપવેલ, કર્લ-ઓન, સેન્ચ્યુરી ફાઇબર, ફેમસ ફોમ, સ્પ્રિંગફિટ, સ્લીપફ્રેશ, આરડીપી ફોમ, રિપોઝ મેટ્રેસ્સ અને અન્ય સામેલ છે. આપણે ત્રીજા ભાગનું જીવન મેટ્રેસ્સીસ પર જીવીએ છીએ એ બાબતને ધ્યાનમાં રાખીને ઉચિત મેટ્રેસ્સીસ માટેની શોધ માટે પોતાના સોલ્યુશન્સ સાથે કંપનીઓ સપોર્ટ કરે છે.

## Smart Kitchen

an initiative by HGH India

એચજીએચ ઇન્ડિયામાં કિચન્સને વેગ મળી રહ્યો છે. વન્ડરશેફ કે સંજીવ કપૂર જેવા માર્કેટ લીડર્સ ડિઝાઇન, સંવર્ધિત કામગીરીઓ તથા કૂકિંગ અને કિચન મેનેજમેન્ટમાં વધારે સુવિધાઓની દ્રષ્ટિએ તેમની નવીનતાઓ રજૂ કરે છે. ભારતીય કિચન્સ આધુનિક ટેકનોલોજી અને સુવિધા અપનાવી રહ્યાં છે. સ્માર્ટ કિચન્સ વધુને વધુ ભારતીય ઘરોમાં વાસ્તવિકતા બની રહ્યાં છે. કૂકવેર અને કિચનવેર ઉત્પાદનો પ્રવાહને સમજે છે અને સ્માર્ટ સોલ્યુશન્સ પ્રસ્તુત કરે છે.

ફૂડ સ્ટોરેજ, તૈયારી, પ્રોસેસિંગ, સર્વિંગના તમામ તબક્કાઓમાં સ્વચ્છતા અને આરોગ્યની સલામતી તથા ડિશવોશિંગ નવી માગો છે, જે નવીનતાઓ ઊભી કરે છે.

ગ્રાહકો ઘણા નવા સોલ્યુશન જોઈ શકે છે અને એની સમીક્ષા કરી શકે છે, ઉદાહરણ તરીકે, હોલ 3માં સ્વાસ્થ્ય માટે સલામત કોટિંગ સાથે કૂકવર.




## Kids' Home

an initiative by HGH India

ભારતમાં વોલ્યુમમાં કિડ્સ હોમ પ્રોડક્ટ બજાર વધી રહ્યું છે અને માતાપિતાઓ શ્રેષ્ઠ ગુણવત્તાઓ અને વધારે બ્રાન્ડ ઇચ્છતાં હોવાથી આ બજારે નવી તકો ઊભી કરી છે. નવીન, સારી ડિઝાઇન ધરાવતાં અને સારી ગુણવત્તાયુક્ત ઉત્પાદનો માટેની માગમાં દર વર્ષે અંદાજે 15 ટકાનો વધારો થઈ રહ્યો છે. એચજીએચ ઇન્ડિયાએ એની ડિસેમ્બર એડિશનમાં સ્પેશ્યલ સિલેક્શન પ્રદાન કર્યું છે, જે બેબી બ્લેન્કેટ, બેબી બેડિંગ, કિડ્સ મેટ્રેસ્સીસ, વોકર્સ, કટલરી, ટેબલવેર, કિડ્સ સ્ટોરેજ, શૈક્ષણિક રમકડાં વગેરે જેવા બહોળા ઉત્પાદનો પ્રદર્શિત કરશે.




પલુચી સારી રીતે બનાવેલા સોફ્ટ ટૉય્સ, બેબી એન્ડ કિડ્સ બેડિંગ, બેબી ટૉવેલ્સ, એક્સેસરીઝ, કમ્ફર્ટર્સ, ગિફ્ટ સેટ વગેરેની અતિ રચનાત્મક રેન્જ પ્રસ્તુત કરશે. તેઓ ડિઝની/માર્વલ/સ્ટારવોર્સનું લાઇસન્સ ધરાવતા બેબીસ એન્ડ કિડ્સ ઉત્પાદનોની તેમની રેન્જ પણ પ્રસ્તુત કરશે. હેપી હોમ લિનેન્સ દ્વારા કિડ્સ બેડ લિનેન, શેપ ધરાવતા કુશન્સ, શાવર કર્ટેન, પિલો, ક્વિલ્ટ પણ દર્શાવવામાં આવશે. સેન્ચુરી મેટ્રેસ્સીસ કિડ્સ મેટ્રેસ્સીસનું વિશિષ્ટ કલેક્શન પ્રસ્તુત કરશે. બોનહેર અને ડૉક્ટર ટોવેલ્સ તેમના કિડ્સ ટોવેલ્સ લિનેન્સ રજૂ કરશે. ભારતમાં ટોવેલ્સના શ્રેષ્ઠ ઉત્પાદનો પૈકીનું એક શારદા ટેરી તેની બ્રાન્ડ માઇક્રો કોટન અંતર્ગત કિડ્સ માટે બેડ શીટ અને ટોવેલ્સ એમ બંને પ્રસ્તુત કરશે. ઇપીસીએચ હાથથી બનેલા લાકડાના રમકડાના ઉત્પાદકો, કિડ્સ ફર્નિચર અને અન્ય કિડ્સ એન્ડ બેબી ઉત્પાદનોની ગ્રૂપ ભાગીદારીનું આયોજન પણ ધરાવે છે. અન્ય ઘણા નિયમિત પ્રદર્શનો પણ વિશિષ્ટ કિડ્સ રેન્જ પ્રસ્તુત કરશે.

# ફેશન ટ્રેન્ડ્સ I માર્કેટ ટ્રેન્ડ્સ I સોર્સિંગ I વ્યવસાયિક I તકો



**હુસેયિન એયદિન,**
કોન્સ્યુલેટ જનરલ ઓફ તુર્કી

એચજીએચ ઇન્ડિયામાં આ બીજી કે ત્રીજી મુલાકાત છે તથા દર વર્ષે અમે પ્રદર્શનને અપેક્ષાથી વધારે સારું જોયું છે. આ શ્રેષ્ઠ રીતે આયોજિત છે અને આંતરરાષ્ટ્રીય સ્તરનો છે, જે પ્રદર્શકોને તેમની બ્રાન્ડને પ્રોત્સાહન આપવાની બહોળી તક આપે છે. મને આશા છે અને વધુને વધુ તુર્કીશ કંપનીઓને એચજીએચ ઇન્ડિયામાં સામેલ થવા પ્રોત્સાહન આપું છું, અમે એની ભલામણ કરીએ છીએ.



**અભિનવ મહાજન,**
એમડી, માસ્પર

માસ્ટર લિવિંગ શોની શરૂઆતથી એચજીએચ ઇન્ડિયા સાથે છે. અમે વર્ષમાં 4 દિવસ શોમાં હોઇએ એ નક્કી છે. અમારું માનવું છે કે, લોકેશન ચાવીરૂપ છે. અમે છેલ્લાં 22 વર્ષથી વ્યવસાયમાં છીએ. ચાલુ વર્ષે વિશેષ બાબત એ છે કે, અમે રિટેલર્સ માટે શોપ-ઇન-શોપ વિભાવના પ્રસ્તુત કરી છે. આ ખરીદી અગાઉ ઉત્પાદનનો અનુભવ ગ્રાહકોને આપશે. અમે કલરના ટ્રેન્ડ અને વિભાવનાને સમજવા 18 મહિના અગાઉ કામ કરીએ છીએ.



**પ્રતિમા લાડીવાલા,**
સહ-સ્થાપક અને ડિરેક્ટર, પલુચી

એચજીએચ ઇન્ડિયા અમારું સૌપ્રથમ પ્લેટફોર્મ હતું, જ્યાં અમે એક બ્રાન્ડ તરીકે પ્રદર્શન શરૂ કર્યું હતું. અમે છેલ્લાં 5 વર્ષથી એચજીએચ ઇન્ડિયામાં પ્રદર્શન કરીએ છીએ અને દરેક વર્ષે બૂથ મોટો થાય છે. સમગ્ર ભારતમાંથી રિટેલર્સને મળવું હંમેશા લાભદાયક છે. અમારા માટે 50 ટકા રિટેલર્સ પુનરાવર્તિત ગ્રાહકો છે. તેમને વ્યક્તિગત રીતે મળવું સારું છે. એનાથી અમને ઉત્પાદનો પર પ્રતિભાવો મેળવવા અને એમાં સુધારો કરવામાં મદદ પણ મળે છે.



**અપૂર્વ કુમાર,**
આસિસ્ટન્ટ વીપી,
ઇન્ડિયા પ્રોડક્ટ્સ સોર્સિંગ,
વન્ડરશેફ

અમે છેલ્લાં 3 વર્ષથી એચજીએચ ઇન્ડિયામાં સામેલ થઈ રહ્યાં છીએ અને અમે હંમેશા કશું નવું અનુભવીએ છીએ. અમે દુનિયાભરમાંથી અનેક બ્રાન્ડ જોઈએ છીએ, જે એને ભારતમાં સૌથી મોટા ટ્રેડ શો પૈકીનો એક બનાવે છે. એચજીએચ અમારી બ્રાન્ડ તરીકે રજૂઆત માટે અને અમારા માપદંડો માટે હંમેશા અમારા સ્ટ્રેટેજી બોર્ડમાં અમારા ઉત્પાદનો પ્રદર્શિત કરવા સામેલ છીએ. આ શોમાં સમાન વિચારસરણી ધરાવતા લોકો એકમંચ પર આવ્યાં છે અને એ કારણે મુલાકાતીઓ અન્ય લોકો સાથે સ્વાભાવિક રીતે વાત કરે છે અને સંયુક્તપણે વ્યવસાય વધારે છે. અમારા બૂથની સાઇઝ નાનામાંથી અત્યારે સૌથી મોટા બૂથ પૈકીની એક થઈ ગઈ છે.



**એસ કે મલ્હોત્રા,**
ડિરેક્ટર,
સેલ્સ એન્ડ માર્કેટિંગ, સ્પ્રિંગફિટ

અમે છેલ્લાં થોડાં વર્ષોથી એચજીએચ ઇન્ડિયામાં સહભાગી થઈ રહ્યાં છીએ, હકીકતમાં એચજીએચમાં લગભગ સામેલ થયા છીએ. અમારા ઉત્પાદનો માટે આ ઉચિત પ્લેટફોર્મ છે, જ્યાં અમે અમારા નવા ઉત્પાદનો પ્રસ્તુત કરીએ છીએ અને લૉંચ કરીએ છીએ. અહીં અમારા ગ્રાહકો આવી શકે છે અને ઉત્પાદનને અનુભવી શકે છે. અમે 50થી 60 ચોરસ ફીટમાં નાના બૂથ સાથે શરૂઆત કરી હતી અને હવે અમે 200 ચોરસ ફીટનો બૂથ ધરાવીએ છીએ. અમે ગ્રેટર નોઇડા એડિશનમાં સહભાગી થયા હતા અને 6 મહિના થયા હતા. અમે સમાન અને અગાઉ જેવો પ્રતિભાવ મળવાથી અભિભૂત છીએ.

એચજીએચ ઇન્ડિયાએ મને મારી કળા દર્શાવવા આ પ્લેટફોર્મ આપ્યું છે. હું અહીં પહેલી વાર આવ્યો છું અને મારે મારી કળાને લોકપ્રિય બનાવવા, શક્ય હોય તો ભવિષ્યમાં તાલીમ આપવા આ પ્રકારના વધારે પ્લેટફોર્મની જરૂર પડશે. હું મારી કળાને લાંબો સમય જીવંત રાખવા ઇચ્છું છું.

**રાજેન્દ્ર અંકામ,**
કલાકાર, ઇન્ડિયા હેરિટેજ પેવેલિયન

## 1 દિવસની તસવીરો













